ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા ઈથેનોલ-ખરીદીના ભાવમાં વધારો કરાતાં

સુગર મંડળીઓને વર્ષે 50થી60 કરોડ, જ્યારે ખેડૂતોને ટન દીઠ 40થી50 રૂપિયાનો લાભ થશે

સી-હેવી મોલાસિસમાંથી બનતા ઈથેનોલના ભાવમાં વધારાનો લાભ દક્ષિણ ગુજરાતની 9 સુગર મિલને મળશે

સુરતઃ સી-હેવી મોલાસિસમાંથી બનતા ઈથેનોલના ખરીદી ભાવને ઓઈલ માર્કેટિંગ પણ કંપનીઓએ 6.87 રૂપિયાનો ભાવ વધારો પ્રતિ લિટરે કરી નવો ભાવ 59.28 રૂપિયા કર્યો છે. કેન્દ્ર સરકારના આદેશ પછી ઓઇલ માર્કેટિંગ કંપનીએ આ નવો ભાવ જાહેર કરી લિટરે 6.87 રૂપિયા ભાવ વધારતાં દક્ષિણ ગુજરાતની 9 સુગર ફેક્ટરીઓને એનો સીધો લાભ થશે. જિલ્લાના સહકારી આગેવાન અને ઓલપાડ- ચોર્યાસી તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયેશભાઈ એન.પટેલે જણાવ્યું હતું કે, ઓઇલ માર્કેટિંગ કંપનીના આ નિર્ણયથી દક્ષિણ ગુજરાતની 9 સુગર મંડળીઓને 50થી 60 કરોડની વધુ આવક થશે. આ મંડળીઓમાં શેરડી નાખનારા ખેડૂતોને ટન દીઠ 40 થી 50 રૂપિયાનો લાભ થશે. 9 સુગર મંડળીઓ રોજની ક્ષમતા 3.50 લાખ લીટર ઇથેનોલ પ્રોડ્યુસ કરવાની છે. આ મંડળીઓ વર્ષે 9 કરોડ લીટર ઇથેનોલ બનાવે છે. પેટ્રોલમાં મિશ્રણ માટે વપરાતા ઈથેનોલના ઉત્પાદનમાં વધારો થાય તે હેતુથી આ ભાવ વધારવામાં આવ્યો છે. સી- હેવી મોલાસિસ એ શેરડીની બાય પ્રોડક્ટ છે, પરંતુ એમાં ખાંડનું તત્વ નહીં જેવું હોય છે. સરકારે સી- હેવી મોલાસિસમાંથી ઈથેનોલના ઉત્પાદનને સરકારે છૂટ આપી છે. પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ 2025 સુધી વધારીને 20% કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જૂન 2023 સુધીમાં ભારતે 10 ટકા સુધીનો ટાર્ગેટ પૂર્ણ કર્યો છે. જયેશભાઇ પટેલ- દેલાડે વધુમાં જણાવ્યું હતું કે, ઓઇલ કંપનીઓ દ્વારા ઇથેનોલ ખરીદીના ભાવમાં વધારો કરવામાં આવતા શેરડી પકવતા ખેડૂતોને મોટો ફાયદો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોને અન્નદાતાની સાથે ઉર્જાદાતા બનવવાના આપેલા વિચારથી સરકારી પેટ્રોલિયમ કંપનીઓએ પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ 20% સુધી લઈ જવાના ટાર્ગેટને લીધે ખેડૂતો અને સહકારી સુગર મંડળીઓ લાભ થશે.

13 વર્ષની કિશોરીને છાતીનું માપ પૂછનાર વિકૃત ઝડપાયો

કિશોરીએ પરિવારજનોને સમગ્ર હકીકત કહેતા સીસીટીવી ફૂટેજની મદદથી આરોપીને શોધી કઢાયો

સુરત : શહેરના અઠવા પોલીસ મથક વિસ્તારમાં આધેડે તેની દિકરી જેવી તેર વર્ષીય કિશોરીને તેનુ છાતીનુ માપ પૂછયું હતું. આ મામલો પોલીસ મથકે જતા ત્વરીત પોલીસે સીસીટીવી કેમેરા પરથી આરોપીને પકડી પાડયો હોવાની વિગત જાણવા મળી છે. તેને મેડિકલ માટે મોકલી આપવામાં આવ્યો હોવાની વિગત જાણવા મળી છે. તેર વર્ષની બાળકી માસૂમ કિશોરી પર દાનત બગાડી છેડતી કરી હતી. જેથી આખરે ભોગ બનનાર બાળકીએ કિશોરીએ ઘરે માતા-પિતાને સઘળી હકીકત જણાવતા તેઓએ આ મામલે અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. માત્ર 13 વર્ષની કિશોરી ગતરોજ બપોરે ત્રણ વાગ્યાના અરસામાં ઘરેથી આઈસ્ક્રીમ લેવા માટે ગઈ હતી. કિશોરી આઈસ્ક્રીમ લઈ ઘરે પરત આવતી હતી ત્યારે એક બાઇક પર આવેલા 35 થી 40 વર્ષના ઈસમે તેનો પીછો કર્યો હતો. કીશોરી ચાલતા ચાલતા ઘર પાસે યશ ભદ્ર એપાર્ટમેન્ટ પાસેથી પસાર થતી હતી ત્યારે અજાણ્યા ઈસમે કિશોરી પાસે આવી બિભત્સ ઈશારા કરી જાહેરમાં છેડતી કરી હતી. જેથી આખરે ભોગ બનનાર કિશોરીએ આ મામલે ઘરે આવી પરિવારને જાણ કરી હતી. જેથી પરિવારના સભ્યોએ અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ અને જંબુસરમાં મેડિકલ ડિવાઇસીસ તથા બલ્ક ડ્રગ પાર્ક વિકસાવવામાં આવશે

પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટ અન્વયે હોલિસ્ટિક હેલ્થકેર સમિટનું દાદા દ્વારા ઉદઘાટન

દેશના કુલ ફાર્મા એક્સપોર્ટમાં ૨૮ ટકા હિસ્સો ગુજરાતનો છે : મુખ્યમંત્રી

ગાંધીનગર : ગાંધીનગર ખાતે હોલિસ્ટિક હેલ્થકેર સમિટનો આજે સીએમ ભૂપેન્દ્ર પટેલે આરંભ કરાવ્યો હતો. ગુજરાતની ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકેની ખ્યાતિને સુદ્રઢ કરનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી કડી યોજાઈ રહી છે, તેની પ્રિ-ઈવેન્ટ તરીકે આ હેલ્થકેર સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. 'હોલિસ્ટિક હેલ્થકેર-ગુડ હેલ્થ એન્ડ વેલ બિઈંગ ફોર ઓલ'ના વિચાર સાથે યોજાઈ રહેલી આ સમિટનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણ માટે આરોગ્યની પ્રાથમિક સેવાઓ-પ્રાઇમરી હેલ્થ ફેસિલિટીઝ મજબૂત હોય તે આવશ્યક છે. આ પ્રિ-વાઇબ્રન્ટ હેલ્થ સમિટ પીએમ નરેન્દ્ર મોદીના હેલ્થકેર ફોર ઓલને સાકાર કરવાની દિશામાં વધુ એક કદમ છે. ઉદ્યોગોના વિકાસ સાથે તેને અનુરૂપ માનવ સંસાધન વિકાસ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષણ, અર્બન ડેવલપમેન્ટ, હેલ્થકેર જેવા સોશિયલ સેક્ટર્સનો પણ વર્લ્ડક્લાસ વિકાસ થાય એ માટે આ વાઇબ્રન્ટ સમિટ યોગ્ય પ્લેટફોર્મ સાબિત થઈ છે. ગુજરાત દેશનું ફાર્માસ્યુટિકલ હબ બન્યું છે. દેશના કુલ ફાર્મા ઉત્પાદનમાં ૪૦ ટકા અને ફાર્મા એક્સપોર્ટમાં ૨૮ ટકા હિસ્સો ગુજરાત ધરાવે છે.

મેડિકલ ડિવાઇસીસ સેક્ટરમાં પણ ગુજરાત દેશમાં ૫૩ ટકાના યોગદાન સાથે અગ્રીમ હરોળમાં છે. દેશમાં બનતા કાર્ડિયાક સ્ટેન્ટના ૭૮ ટકા અને આંખોના લેન્સના ૫૦ ટકા ગુજરાતમાં બને છે. રાજકોટ અને જંબુસરમાં મેડિકલ ડિવાઇસીસ તથા બલ્ક ડ્રગ પાર્ક વિકસાવીને આપણે એમાં પણ અગ્રેસર રહેવાની પરંપરા જાળવી રાખવી છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ૧૦મી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને ભારતના અમૃતકાળની પ્રથમ વાઇબ્રન્ટ સમિટ બન્યુ છે. રાજ્યમાં વર્ષ ૨૦૦૩માં ઔદ્યોગિક રોજગાર ૭ લાખ જેટલા હતા, તે આજે વધીને ૨૩ લાખ જેટલા થયા છે. એ જ દિશામાં આગળ વધતા મેડીકલ અને ફાર્મા ક્ષેત્રે પણ ગુજરાતને અગ્રેસર રાખવામાં આ પ્રિ-વાઇબ્રન્ટ હેલ્થ સમિટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

વાઇબ્રન્ટ ગુજરાત માટે ગાંધીનગરને દુલ્હનની જેમ શણગારાયું

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને તેમજ દેશ-વિદેશના મહાનુભાવોની ઉપસ્થિતિમાં તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ભવ્ય આરંભ થવા જઈ રહ્યો છે ત્યારે સૌને આવકારવા ગાંધીનગર સંપૂર્ણ સજ્જ બન્યું છે.

પીએમ મોદી સહિતના મહેમાનોના સ્વાગત માટે ગુજરાતની રાજધાની ગાંધીનગરને દુલ્હનની જેમ સજાવવામાં આવી રહ્યું છે. જેમાં ગાંધીનગરના હાર્ટસમા વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીના સેન્ટ્રલ વિસ્ટાને રાત્રે વાઈબ્રન્ટ-તિરંગા સહિતની વિવિધ થીમ આધારિત રોશની-લેઝર લાઈટથી શણગારવામાં આવ્યું છે જેના પરિણામે સેન્ટ્રલ વિસ્ટા નગરજનો માટે સેલ્ફી પોઈન્ટ બન્યો છે.

વાઈબ્રન્ટ સમિટના ભાગરૂપે ગુજરાત વિધાનસભાને ગોલ્ડન રોશનીથી શણગારવામાં આવી છે. જ્યારે સેન્ટ્રલ વિસ્ટામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ, વિવિધ ફૂલ છોડ-વૃક્ષો પર અલગ અલગ કલરની સિરીઝ, કલરફૂલ સ્કલ્પચર, વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ને પ્રદર્શિત કરતા વિવિધ આકર્ષિત લોગો તેમજ દાંડી કુટિરને લાઈટિંગ-લેઝર દ્વારા અદભૂત રીતે સજાવવામાં આવી છે. આ 'સેન્ટ્રલ વિસ્ટા'નો રાત્રિનો અદભૂત નજરો નગરજનો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ઉપરાંત સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, ઉદ્યોગ ભવન, કલેક્ટર કચેરી, બેંક ઓફ બરોડા ભવન, સાયન્સ કોલેજ સહિતની સરકારી ઇમારતોને તિરંગા આધારિત વિવિધ રોશનીથી શણગારવામાં આવી છે.

9મી જાન્યુઆરીએ યુએઈના પ્રિન્સ શેખ અને પીએમ મોદીનો સંયુક્ત રોડ શો યોજાશે

ગાંધીનગર : વાઈબ્રન્ટ સમિટ પહેલા પીએમ નરેન્દ્ર મોદી એક ભવ્ય રોડ શો યોજવા જઈ રહ્યાં છે. 9 જાન્યુઆરીએ UAEના પ્રમુખ પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે તેમનો અમદાવાદ એરપોર્ટથી સાબરમતી આશ્રમ સુધી સાત કિલોમીટર લાંબો રોડ શો યોજાશે. પીએમ મોદીના યુએઈના રાષ્ટ્રપતિ સાથે ઘણા સારા સંબંધો છે. ગાંધીનગરના ઈમહાત્મા મંદિર ખાતે 10 જાન્યુઆરીથી શરૂ થનારી ત્રણ દિવસીય વાઇબ્રન્ટ સમિટ માટે ગુજરાત સરકાર દ્વારા અભૂતપૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે. અમદાવાદમાં પ્રધાનમંત્રી મોદી આ અગાઉ વિશ્વના ઘણા દેશના રાષ્ટ્રધ્યક્ષો સાથે રોડ કરી ચૂક્યા છે. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, જાપાનના તત્કાલિન પ્રધાનમંત્રી શિન્જો આંબે, ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂનો સમાવેશ થાય છે.

'અમે કોઈપણ પ્રકારનું વ્યસન કરીશું નહીં' તેવી બાંયેધરી આપનાર વિદ્યાર્થીને જ કોલેજમાં પ્રવેશ

દારૂ, તંબાકુ અને ડ્રગ્સ માફિયાઓની ચુંગાલમાં ફસાતા યુવાઓને ઉગારવા યુજીસીનો નવો એક્શન પ્લાન

સુરતઃ ભારતને નશામુક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત યુજીસીએ દેશની તમામ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવતી વખતે એન્ટ્રી ડ્રગ ડેકલેરેશન ફરજીયાત બનાવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓએ પોતે દારૂ, તંબાકુ, સહિતનાં માદ્રક દ્રવ્યોનું સેવન નહીં કરે, અને નશો કરતા અન્યને પણ અટકાવશે તેવી લેખિતમાં ખાતરી આપવી પડશે.

કોલેજોમાં અભ્યાસ કરતા અને ખાસ કરીને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ અનેક વખત ડ્રગ્સ, કે પછી નશાને રવાડે ચઢી જતા હોય છે. આવા વિદ્યાર્થીઓને નશાની લતે ચઢતા અટકાવવા અને ભારતને નશામુક્ત બનાવવા માટે નશામુક્ત ભારત અભિયાન વેગવાન બનાવવામાં આવ્યું છે. જે અંતર્ગત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દેશની તમામ યુનિવર્સિટીઓને તાકિદ કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે તેમની પાસેથી એન્ટ્રી ડ્રગ ડેકલેરેશનનું અંડરટ્રેકીંગ મેળવવાનું રહેશે. જેમાં વિદ્યાર્થીએ લેખીતમાં દારૂ, તંબાકુ, તેમજ ડ્રગ્સ કે પછી કોઈપણ પ્રકારનાં નશીલા પ્રદાર્થનાં ઉપયોગ નહીં કરવા, તેમના પ્રભાવથી દુર રહેવા અને તેનું વેચાણ કરવા કે પછી ડ્રગ્સ સંબધિત કોઈપણ પ્રકારની પ્રવૃતિથી દુર રહેવાની ખાતરી આપવી પડશે. યુજીસીના આદેશને પગલે આગામી શૈક્ષણિક વર્ષથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સહિત સુરતની અલગ-અલગ પ્રાઇવેટ યુનિવર્સિટીઓએ પણ વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ સાથે એન્ટ્રી ડગ્સનું ડેકેલેરેશન મેળવવું ફરજીયાત બનશે.

એલન મસ્કના ટેસ્લા ગ્રુપની ગુજરાતમાં એન્ટ્રી અંગે હજુ ચર્ચા ચાલી રહી છે : બલવંતસિંહ

૩૨ જિલ્લાઓમાં યોજાયેલા કાર્યક્રમોમાં ૪૬ હજાર કરોડના MOU થયા છે

ગાંધીનગર : અમેરિકી ઉદ્યોગપતિ એલન મસ્કના ટેસ્લા ગ્રુપ દ્વારા ગુજરાતમાં રોકાણ કરાવનો મુદ્દો હાલમાં પાઈપલાઈનમાં છે, તે મુદ્દે ચર્ચા ચાલી રહી છે, તેમ રાજયના ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત આજે ગાંધીનગર ખાતે કહ્યું હતું.

એલન મસ્કનું ટેસ્લા ગ્રુપ ગુજરાતમાં રોકાણ માટે આવી રહ્યું છે કે કેમ ? તેવા પ્રશ્નના જવાબમાં રાજપૂતે કહ્યું હતું કે રાજય સરકારની આ મદ્દે ચર્ચા ચાલી રહી છે, હાલમાં આ મુદ્દો પાઈપલાઈનમાં છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત ભૌગોલિક દ્રષ્ટીએ નાનું છે, પરંતુ નિકાસમાં ગુજરાતનો હિસ્સો ૩૩ ટકા છે. દેશના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૮ ટકા છે. ગુજરાત લોજિસ્ટિક્સ રેન્કિંગમાં પ્રથમ ક્રમે છે. એટલું જ નહિ, રોજગારીની તકો પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ નંબરે રહ્યું છે. ઉપરાંત રાષ્ટ્રીય જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૮.૪ ટકા છે.

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ જે હૈદરે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪ની વિસ્તૃત વિગતો આપતા કહ્યું કે, પીએમ નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં યોજાઈ રહેલી આઝાદીના અમૃતકાળની આ વાઈબ્રન્ટ સમિટ 'વિકસિત ભારત @ 2047'નો રોડ મેપ તૈયાર કરશે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પીએમ મોદીના માર્ગદર્શન હેઠળ ૨૦૦૩થી શરૂ થયેલ વાઈબ્રન્ટ સમિટની આ ૧૦મી શ્રૃંખલામાં ૧૩૬ દેશોમાંથી ૧ લાખ ૭ હજાર કરતાં વધુ રજિસ્ટ્રેશન થયું છે જે ઐતિહાસિક રેકોર્ડ ધરાવે છે. જેમાં વ્યક્તિગત તેમજ કંપનીઓનો સમાવેશ થાય છે.. ૧૦મી વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત યોજાઈ રહેલ ગ્લોબલ ટ્રેડ શોનું ઉદ્ઘાટન હેલીપેડ ગ્રાઉન્ડ ગાંધીનગર ખાતે પીએમ નરેન્દ્ર મોદી તા.૦૯મી જાન્યુઆરીના રોજ બપોર બાદ કરશે. તેમજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ઉદ્ઘાટન સમારોહ મહાત્મા મંદિર ખાતે તા.૧૦મી જાન્યુઆરીના રોજ સવારે ૦૯:૪૫ કલાકે થશે જેમાં દેશ-વિદેશના મહાનુભાવો અને પ્રતિનિધિઓ સહભાગી થશે. જેમાં વિવિધ સેમીનારો, રીવર્સ બાયર્સ મીટ, બિઝનેસ પ્રમોશનલ કાર્યક્રમો ઉપરાંત B2B, B2G, G2G, બેઠકો પણ યોજાશે. હૈદરે કહ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા સૌપ્રથમ વખત રાજ્યમાં આ ૧૦મી સમિટ અંતર્ગત 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ' કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ૩૨ જિલ્લાઓમાં યોજાયેલ કાર્યક્રમોમાં ૪૬ હજાર કરોડના MOU થયા છે જેના થકી ૧.૭૫ લાખથી વધુ રોજગારી ઉત્પન્ન થશે.

જિલ્લા રજિસ્ટ્રાર અને ખાંડ નિયામકને લેખિત ફરિયાદ કરવામાં આવી

કાંઠા સુગરની અવદશા માટે પ્રમુખ, ઉપપ્રમુખ અને એમડીની ત્રિપુટી જવાબદાર

કાંઠા સુગરના ડિરેક્ટર સતીશ માસ્તર, કાંતિભાઈ પટેલ અને મનહરભાઈ પટેલે ગેરવહીવટ સામે મોરચો ખોલ્યો

ખાંડ, મોલાસીસ, બગાસનું વેચાણ પણ બોર્ડની સંમતિ વિના મનસ્વી રીતે કરતા: ડિરેક્ટર્સ

સુરતઃ કાંઠા વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી-ઓલપાડ સુગરના ત્રણ ડિરેક્ટરોએ સુગરના વર્તમાન પ્રમુખ કિરીટ ગંગારામ પટેલ, ઉપપ્રમુખ બાલુભાઈ પટેલ અને એમડી.સામે બળવો પોકારી જિલ્લા રજિસ્ટ્રાર સુરત અને ખાંડ અને ખાંડ નિયામક ગાંધીનગર જોગ આપેલી લેખિત ફરિયાદમાં ગફલાબાજીના ગંભીર આક્ષેપો કરતી લેખિત ફરિયાદ કરી છે. ત્રણ ડિરેક્ટરો સતીશ મનહરભાઈ માસ્તર (SC/ST બેઠક), કાંતિભાઈ લલ્લુભાઈ પટેલ(વાવ ઝોન) અને મનહર અમૃતભાઈ પટેલ (બરબોધન ઝોન) એ લેખિત ફરિયાદમાં આરોપ મૂક્યો છે કે, ઓલપાડ સુગરની અવદશા માટે પ્રમુખ, ઉપપ્રમુખ અને એમડી. ની ત્રિપુટી જવાબદાર છે. પ્રમુખ, ઉપ-પ્રમુખ અને એમડી.એ વહીવટમાં વિશ્વાસઘાત કરી મંડળીને નુકશાન પહોંચાડ્યું છે.

મંડળીના કોઈપણ વહીવટી કે અન્ય નિર્ણયો પ્રમુખ, ઉપ-પ્રમુખ, ખેતીવાડી અધિકારી અને એમ.ડી દ્વારા અગાઉથી જ નક્કી કરી મંજુરી માટે બોર્ડ મિટિંગમાં મુકવામાં આવતા હતા જેમાં બોર્ડનાં ડીરેક્ટરો દ્વારા વિરોધ કરવા છતાં પ્રોસેડિંગમાં લીધા વિના જ ઠરાવો કરવામાં આવતા હતા અને વિરોધનાં મુદ્દાઓની કોઈ દરકાર લીધી નથી. અમે લેખિતમાં વિરોધ અરજી આપવાની વાતો કરતા ત્યારે તમારી લેખિત તથા મૌખિક કોઈપણ ફરિયાદ તમારે આપવાની નથી અને અમે સાંભળવાના પણ નથી કેમ કે, તમે સંસ્થાને નુકશાન, બદનામ કરો છો.

મંડળી દ્વારા શેરડીની ખરીદી, મજૂરની ભરતી જેવી બાબતોમાં કોઈપણ પ્રકારની બોર્ડની સંમતિ વિના પ્રમુખ, ઉપ-પ્રમુખશ્રી, ખેતીવાડી અધિકારી, ભૂતપૂર્વ ખેતીવાડી અધિકારી, અને એમ.ડી પોતાની રીતે મનસ્વી નિર્ણયો કરતા હતા. મંડળીમાં ખાંડ, મોલાસીસ, બગાસની વેચાણ જેવા આર્થિક વહીવટ પણ કોઈપણ પ્રકારની બોર્ડની સંમતિ વિના પ્રમુખ, ઉપ-પ્રમુખ,અને એમ.ડી પોતાની રીતે મનસ્વી નિર્ણયો કરતા હતા.

કાંઠા સુગરના ત્રણ ડિરેક્ટરના આક્ષેપો અને તપાસની માંગણીઓ

- મંડળીની વાહન ખરીદી, કે વાહનનાં બિન ઉપયોગી વપરાશ થતા હતા જેની લોગબુકની માંગણી બોર્ડ દ્વારા વારંવાર મૌખિક રજૂઆત કરવા છતાં પ્રમુખ, ઉપ-પ્રમુખ અને એમ.ડી દ્વારા ફરિયાદની અવગણના કરતા, વાહનનાં ખર્ચ અંગે પણ બોર્ડ મિટિંગમાં કોઈપણ ચર્ચા અત્યાર સુધી કરવામાં આવી નથી.
- મંડળીના ભંગારના વેચાણ બાબતે બોર્ડના ડીરેક્ટરો દ્વારા વિરોધ કરવા છતાં પ્રમુખ, ઉપ-પ્રમુખ અને એમ.ડી દ્વારા કોઈપણ રજૂઆતોને ધ્યાને લીધી નથી અને આ ભંગારનાં વેચાણનો આજદિન સુધી કોઈપણ પ્રકારનો હિસાબ રજૂ કર્યો નથી.
- મંડળીની બોર્ડ મિટિંગમાં અમારા દ્વારા કેટલાક મુદ્દાઓ પર વિરોધ કરવા છતાં બોર્ડની પ્રોસેડિંગમાં લીધા વિના જ પ્રમુખ અને ઉપ-પ્રમુખ દ્વારા મનસ્વી રીતે નિર્ણયો કરવામાં આવતા હતા.
- મંડળીની ફેક્ટરી સાઈડના સીસીટીવી કેમેરા છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે જે અંગે સભ્યોની વારંવાર રજૂઆત કરવા છતાં પણ આજદિન સુધી કેમેરા ચાલુ કરવામાં આવ્યા નથી જેનું કારણ પણ એમના દ્વારા કોઈ ગેરરીતિ આચરવાનું હોઈ શકે છે.
- ઘણી વાર અમે દ્વારા પ્રમુખ, ઉપ-પ્રમુખ તેમજ મેનેજિંગ ડિરેક્ટરને મંડળી તમામ હિસાબો અને ખર્ચ પેટે મૌખિક રજૂઆતો કરી હોવા છતાં કોઈપણ પ્રકારની માહિતી લેખિત રૂપમાં તેઓએ અત્યાર સુધી પૂરી પાડી નથી. ડિરેક્ટોરેને સંસ્થાના હિસાબો અને ખર્ચાઓ અન્વયે માહિતીથી વંચિત રાખવામાં આવ્યા છે. તેથી મંડળીમાં આજદીન સુધી લેવાયેલા તમામ નિર્ણયો માટે પ્રમુખ, ઉપપ્રમુખ અને એમ.ડી.ને સંપૂર્ણપણે જવાબદાર ગણી દાખલારૂપ કાર્યવાહી કરવી જોઈએ.

નાના વરાછામાં ધાબા ઉપર લગાડેલા મોબાઈલ ટાવરમાં શોર્ટ સર્કિટથી આગ

સુરતઃ નાના વરાછામાં આવેલી શકિત વિજય સોસાયટીના એક મકાનના ધાબા ઉપર લગાવેલા મોબાઈલ ટાવરના જનરેટરમાં શુક્રવારે શોર્ટ સર્કિટ થતા આગ લાગવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ઘટનાની જાણ થતા કાપોદ્રા અને પૂણા ફાયર સ્ટેશનના લાશ્કરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

ફાયરના સૂત્રોએ જણાવ્યું હતું કે,નાના વરાછા સ્થિત શકિત વિજય સોસાયટીના એક મકાન ઉપર લાગવેલા રિલાયન્સ કંપનીનો ટેલિકોમ્યુનિકેશનનો ટાવર ઈન્સ્ટોલ કરવામાં આવ્યો છે. જેના જનરેટરમાં શુક્રવારે સાંજે 4:15 કલાકે તેના જનરેટરમાં શોર્ટ સર્કિટ થયો હતો. આગ લાગવાને કારણે ધુમાડો વધુ પ્રમાણમાં ઉઠતા મકાનમાં રહેતા રહીશોમાં પણ ગભરાટ ફેલાઈ ગયો હતો. અને સોસાયટીમાં રહેતા લોકોમાં પણ ડર ફેલાયો હતો. ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતા પૂણા અને કાપોદ્રા ફાયરની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઈલેક્ટ્રિક સપ્લાય બંધ કર્યા બાદ પાણીનો મારો ચલાવી આગને કંટ્રોલમાં કરી લેવામાં આવી હતી. જનરેટરમાં ઓવર હિટીંગ થયું હોવાને કારણે આગ લાગી હોવાનું ફાયર સબ ઓફિસર કિરણ પટેલે જણાવ્યું હતું.

લિંબાયતના ગોવિંદ નગર ઈન્ડસ્ટ્રિયલ પાસે મેઈન રોડ ઉપરની ડી.પી. અન્યત્ર ખસેડવા રજૂઆત

સુરત : શહેરના લિંબાયત વિસ્તારના ગોવિંદનગર ઈન્ડસ્ટ્રીયલ પાસે મેઈન રોડની ડીપી અન્યત્ર ખસેડવા રજૂઆત કરાઈ છે.

શહેરના લિંબાયત વિસ્તારના ગોવિંદનગરના મેઈન રોડ ઉપર ટ્રાફીકની સમસ્યા ઉદભવે છે. જે-તે સમય મેઈન રોડ ઉપર ડી.જી.વી.સી.એલની ડી.પી લગાડવામાં આવી હતી. તે વખતે ખાતેદારો અને વસ્તી પણ ઓછી હતી. તે સમયે ટ્રાફીકનો પ્રશ્ન ન હતો. પરંતુ હાલના સમયમાં વસ્તી ઘણી વધી ગઈ છે. અને પહેલા કરતા ત્રણ ગણો ટ્રાફીક થવા માંડ્યો છે. વળી ગોવિંદ નગરમાં સ્મશાન ભૂમિ તથા કબ્રસ્તાન છે તેવા સંજોગોમાં ઘણીવાર મોટી ગાડીઓ પણ આ મેઈન રોડ ઉપરથી પસાર થાય છે. આ રોડ મોટો છે પરંતુ ડી.પી મેઈન રોડ પર હોવાથી મોટી ગાડી પસાર થવામાં મુશ્કેલી ઊભી થાય છે. ડીજીવીસીએલના અધિકારીઓને લોકોએ સ્થળ પર આવીને નિરીક્ષણ કરવા અપીલ કરી ડીપી અન્યત્ર ખસેડવા રજૂઆત કરાઈ છે.

દિહેણ ગામની જમીન બાબતે સાટાખત રદ થયા અંગેનું બોગસ લખાણ ઊભું કરનાર આરોપીઓના જામીન મંજૂર કરતી કોર્ટ

સુરતઃ ઓલપાડના દિહેણ ગામની બાબતે સાટાખત રદ્દ થયા અંગેનું બોગસ લખાણ ઉભું કરનાર આરોપીઓની જામીન અરજી કોર્ટે મંજૂર કરી હતી.

કેસની વિગત એવી છે કે આરોપીઓ દિનેશ ચંદુભાઈ પટેલ, રમણ કરસનભાઈ પટેલ અને બિપિન ઠાકોરભાઈ પટેલે ફરિયાદી અને તેના ભાઈને જમીન વેચાણથી આપવાનું કહીને તેમના પાસેથી 5.63 કરોડ રૂપિયા જમીન પેટે લઈ લીધા હતા. ત્યાર બાદ આરોપીઓએ દસ્તાવેજ કરવા માટે વધુ બે કરોડ રૂપિયા માંગ્યા હતા અને સોદો રદ્દ થયો અંગેનો ખોટો કરાર ઉભો કર્યો હતો. આરોપીઓ સામે ઉમરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓએ જામીન પર મૂક્ત થવા માટે તેમના એડવોકેટ નદીમ ચૌધરી મારફત કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ત્રણેય આરોપીઓની જામીન અરજી કેટલીક શરતોને આધીન મંજૂર કરી હતી.

બનાસકાંઠામાં કાર અકસ્માતમાં ચારનાં મોત

ગાંધીનગર : ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના થરાદ - ડીસા હાઈવે પર ગમખ્વાર માર્ગ અકસ્માતમાં કાર તથા ટ્રક અથડાવવાના પગલે ચાર વ્યક્તિઓનાં મૃત્યુ થયા હતાં.

થરાદ-ડીસા હાઇવે પર થયેલા ગોઝારા અકસ્માતમાં એક જ પરિવારના ચાર લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. ખોરડાં ગામ નજીક ટ્રક સાથે કાર અથડાઈ હતી. ઊંઝાથી ઘરે પરત ફરી રહેલા વાવના બ્રાહ્મણ પરિવારને અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં એક જ પરિવારના 4 લોકોએ જીવ ગુમાવ્યો છે. પતિ, પત્ની, પુત્ર અને પુત્રવધુએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો હતો.

અનુસંધાન... પાના છેલ્લાનું

82,024 નવા...

કરી શકે છે. ઉપરાંત પ્રવર્તમાન મતદારયાદીમાંથી નામ કમી કરવા, ફોટો/વિગતમાં સુધારો કરવા, એક જ વિધાનસભા મતવિભાગ હેઠળ સ્થળ ફેરફાર માટે નિયત નમુનામાં અરજી કરી શકે છે. ઉપરાંત, www.voterportal.eci.gov.in તથા www.voters.eci.gov.in અને Voter Helpline Mobile App પર જઈને ઓનલાઈન ફોર્મ પણ ભરી શકાશે એમ અધિક જીલ્લા ચૂંટણી અધિકારી-સુરતની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર અને...

પવનોની દિશા ઉત્તર પૂર્વ ની નોંધાઈ હતી. જેને કારણે તાપમાનમાં વધારો નોંધાયો છે. આજે મહત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે લઘુત્તમ તાપમાન પણ સામાન્